ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૧૭.૦૪.૨૦૧૯

-------------

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના "કેમ છો ?" અને "આજે તો હિંમતનગરવાસીઓએ વટ પાડી દીધો છે" તેવા સંબોધન સાથે જ સમગ્ર વાતાવરણ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠયું હતું.

-------------

૨૩મી એપ્રિલે ગમે તેટલી ગરમી હોય પણ ગુજરાતીઓએ જંગી મતદાન કરીને ભલભલાની ગરમી કાઢી નાખવાની છે
- શ્રી નરેન્દ્રભાઇ મોદી

-------------

ઈઝરાયલની ટેકનોલોજીની મદદથી સાબરકાંઠામાં હોર્ટિકલ્ચર સેન્ટર બનાવવામાં આવ્યુ છે, જ્યાં વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવાની ટ્રેનિંગ આપવામાં આવે છે. જેનાથી ઉત્તર ગુજરાતના મારા ખેડૂતોને ભવિષ્યમાં વૈજ્ઞાનિક ઢબે ખેતપેદાશો મોટા પ્રમાણમાં મેળવવામાં ખૂબ જ ફાયદો થવાનો છે
- શ્રી નરેન્દ્રભાઇ મોદી

-------------

મારા સિવાય નિકટના ભવિષ્યમાં એવો કોઈપણ પ્રધાનમંત્રી દેખાય છે કે જે હિંમતનગરના, અરવલ્લીના, પંચમહાલના અને સાબરકાંઠાના રસ્તાઓ-ગલીઓ વિશે જાણતો હોય અને અહીંની સમસ્યાઓથી માહિતગાર હોય - શ્રી નરેન્દ્રભાઇ મોદી

-------------

પાંચ વર્ષમાં આ ભ્રષ્ટ પરિવારને જેલના દરવાજા સુધી લઈ ગયો છું અને હવે બીજા પાંચ વર્ષ માટે આશીર્વાદ આપો તો આ પરીવારને જેલના સળિયા પાછળ જવાના દિવસો પણ આવી શકે છે.
- શ્રી નરેન્દ્રભાઇ મોદી

-------------

જેટલાએ પણ દેશને લૂંટ્યો છે તે કોઈને બક્ષવામાં નહી આવે અને લુંટેલુ તમામ દેશને પાછું આપવું પડશે
- શ્રી નરેન્દ્રભાઇ મોદી

-------------

આ ચૂંટણીમાં દેશે નક્કી કરવાનું છે કે ટુકડે ટુકડે ગેંગને બચાવવા કાર્યરત હોય તેવા લોકો દેશ પર રાજ કરશે કે એક ભારત શ્રેષ્ઠ ભારતના વિચાર સાથે સમર્પિત લોકો દેશનું સુકાન સંભાળશે - શ્રી નરેન્દ્રભાઇ મોદી

-------------

કોંગ્રેસ અધ્યક્ષ જ્યારે ગુજરાતી પ્રધાનમંત્રી માટે અભદ્ર ભાષાનો ઉપયોગ કરે તે ગુજરાત કેવી રીતે સહન કરી શકે?
- શ્રી નરેન્દ્રભાઇ મોદી

-------------

કોંગ્રેસ અને મહામિલાવટી નેતાઓ પાકિસ્તાન તરફી જે નિવેદન આપે છે તે પાકિસ્તાનના ટીવી અને ન્યુઝ પેપરમાં હેડલાઈન બને છે અને પાકિસ્તાનની સંસદમાં તેમના નામ સાથે નિવેદનો મૂકવામાં આવે છે - શ્રી નરેન્દ્રભાઇ મોદી

-------------

ચાર-ચાર પેઢીઓ નેહરુથી રાહુલ સુધી ગરીબી હટાવો...ગરીબી હટાવો...ના નારા આપી રહ્યા છે. કોંગ્રેસ જ્યારે દેશમાંથી હટી જશે ત્યારે ગરીબી આપોઆપ હટી જશે - શ્રી નરેન્દ્રભાઇ મોદી

-------------

મને હટાવવાના અનેક પ્રયત્નો કરતી કોંગ્રેસને ક્યાં ખબર છે કે મારી પાસે ૧૩૦ કરોડ હિન્દુસ્તાનીઓની શક્તિ છે અને તેમના થકી જ હું મજબૂત છું - શ્રી નરેન્દ્રભાઇ મોદી

-------------

..૨..

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



આજરોજ ગુજરાતના પનોતાપુત્ર અને દેશના લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની સાબરકાંઠા લોકસભામાં આવતા હિંમતનગર ખાતે જંગી જનસભાને સંબોધન કર્યું હતું.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબોધનની શરૂઆતમાં "કેમ છો ?" પૂછતાં ઉપસ્થિત સૌને કહ્યું કે આજે તો હિંમતનગરવાસીઓએ વટ પાડી દીધો છે. તે સાથે જ સમગ્ર વાતાવરણ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠયું હતું.

પ્રધાનમંત્રીશ્રીએ સભામાં ઉપસ્થિત વિશાળ જનમેદનીને જણાવ્યું હતું કે, આપ સૌ આટલી મોટી સંખ્યામાં ફરી એકવાર મને આશીર્વાદ આપવા માટે પધાર્યા છો હું આપ સૌનો ખૂબ ખૂબ આભારી છું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ગઈકાલે ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાં કમોસમી વરસાદ અને ભયંકર વાવાઝોડું ત્રાટક્યું હતું. આ પ્રાકૃતિક આપદાના કારણે પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે તેમના પરિવાર માટે મારી અંતઃકરણપૂર્વકની સંવેદના છે. જે ખેડૂતોને નુકસાન થયું છે તેની સંપૂર્ણ કાળજી સરકાર લેશે, અધિકારીઓને કાર્યવાહી માટે સ્પષ્ટ સૂચના આપી દેવામાં આવી છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની અન્ય રાજ્યોની સરકારોને પણ આવા સંકટના સમયમાં પીડિતોના પડખે ઉભા રહેવા નિવેદન કર્યુ હતુ. રાજકીય પક્ષોને વિનંતી કરતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, આ દુઃખના સમયે રાજકીય કાવાદાવા કરવાનો નહીં પરંતુ સૌ સાથે મળીને પીડિતોની ચિંતા કરવાનો સમય છે, ચૂંટણી તો આવશે અને જશે આપણે તો હંમેશા પ્રજાની જ ચિંતા કરવાની છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ૨૩મી એપ્રિલે ગમે તેટલી ગરમી હોય પણ ગુજરાતીઓએ જંગી મતદાન કરીને ભલભલાની ગરમી કાઢી નાખવાની છે. વહેલી સવારથી જ મતદાન શરૂ થાય અને તડકો વધે તે પહેલાં મહત્તમ મતદાન કરવા સૌને અપીલ કરી હતી. ચૂંટણી લોકશાહીનું પર્વ છે. ૨૦૧૯ની ચૂંટણી ભારતના સન્માન અને સ્વાભિમાનની લડાઈ છે, ગુજરાતના ઉજ્જવળ ભવિષ્ય માટેની લડાઈ છે. આ ચૂંટણી કોણ જીતે અને કોણ હારે તેના માટે નથી તમારા સંતાનોનું ભવિષ્ય કેવું બને તેનો નિર્ણય આ ચૂંટણીમાં આપ સૌએ કરવાનો છે.

પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, ભૂતકાળમાં દેશના પ્રધાનમંત્રીઓને સાબરકાંઠા આવવાની ફુરસદ નહોતી, તમે મને દિલ્હી પ્રધાનમંત્રી બનાવીને મોકલ્યો અને ઈઝરાયલ જેવા દેશના પ્રધાનમંત્રીને હું સાબરકાંઠા લઈને આવ્યો. ઈઝરાયલની ટેકનોલોજીની મદદથી સાબરકાંઠામાં હોર્ટિકલ્ચર સેન્ટર બનાવવામાં આવ્યુ છે, જ્યાં વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવાની ટ્રેનિંગ આપવામાં આવે છે. જેનાથી ઉત્તર ગુજરાતના મારા ખેડૂતોને ભવિષ્યમાં વૈજ્ઞાનિક ઢબે ખેતપેદાશો મોટા પ્રમાણમાં મેળવવામાં ખૂબ જ ફાયદો થવાનો છે. પ્રધાનમંત્રીશ્રીએ રમુજી સ્વરમાં જણાવ્યું હતું કે, તમને મારા સિવાય નિકટના ભવિષ્યમાં એવો કોઈપણ પ્રધાનમંત્રી દેખાય છે કે જે હિંમતનગરના, અરવલ્લીના, પંચમહાલના અને સાબરકાંઠાના રસ્તાઓ-ગલીઓ વિશે જાણતો હોય અને અહીંની સમસ્યાઓથી માહિતગાર હોય.

જનસંઘ-ભાજપાનું અસ્તિત્વ જ્યારે દેશમાં નગણ્ય હતું ત્યારે હિંમતનગરની જનતાએ હિંમતનગર નગરપાલિકા જીતાડી હતી. બોટાદ અને હિંમતનગરે સમગ્ર ગુજરાતને રાજકીય દિશા બતાવવાનું કાર્ય કર્યું છે

આપ સૌની સગવડતા માટે સાબરકાંઠામાંથી અરવલ્લી નવો જિલ્લો બનાવ્યો, ગુજરાતના ગામડાઓમાંથી અંધારપટ દૂર કરી ૨૪ કલાક વીજળી આપી છે. ખેડૂતો માટે પાણી સુજલામ સુફલામ જેવી યોજનાઓ હેઠળ ખેડૂતો માટે વળ્યા છે. નેવાના પાણી મોભે ચડાવવાની તાકાત ગુજરાતમાં છે તેવું ગુજરાતી હોવાના ગર્વ સાથે પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ.

૨૦૦૪ થી ૨૦૧૪ દરમિયાન દિલ્હીમાં રિમોટ કન્ટ્રોલથી ચાલતી સરકાર હતી ત્યારે ગુજરાત જાણે હિન્દુસ્તાનનો ભાગ જ ન હોય તેવો વ્યવહાર કરી દસ વર્ષમાં ગુજરાતને સતત અન્યાય કર્યો હતો.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યુ હતુ કે, ભૂતકાળમાં કોંગ્રેસ દ્વારા કિન્નાખોરી રાખીને શ્રી અમિતભાઈ શાહ સહિત અનેક પોલીસ અધિકારીઓ પર ખોટા કેસ કરીને તેમને જેલના સળિયા પાછળ ધકેલ્યા હતા અને ગુજરાતની ભાજપા સરકાર તોડવા માટે આકાશ-પાતાળ એક કરી અનેક કાવાદાવા કરવામાં આવ્યા. દસ વર્ષ સુધી ગુજરાતને ખેદાનમેદાન કરવા માટે જે કંઈ પણ થઈ શકે તે કોંગ્રેસે કર્યું. શું આવા લોકોને દેશમાં રાજ કરવાની તક આપવી જોઈએ? જે લોકો જામીન પર બહાર છે એ લોકોના મનમાં થઈ રહ્યું છે કે આ ગુજ્જુએ - આ ચ્હાવાળાએ અમારા ખાનદાનને જામીન લેવા પડે તેવી સ્થિતિ ઊભી કરી નાખી?

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



તેઓએ જણાવ્યુ હતુ કે, પાંચ વર્ષમાં આ ભ્રષ્ટ પરિવારને જેલના દરવાજા સુધી લઈ ગયો છું અને હવે બીજા પાંચ વર્ષ માટે આશીર્વાદ આપો તો આ પરીવારને જેલના સળિયા પાછળ જવાના દિવસો પણ આવી શકે છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યુ હતુ કે, જેટલાએ પણ દેશને લૂંટ્યો છે તે કોઇને બક્ષવામાં નહી આવે અને લુંટેલુ તમામ દેશને પાછું આપવું પડશે.

શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું હતું કે, તેઓએ પાંચ વર્ષથી ઈમાનદારીપૂર્વક ગુજરાતીઓની છાતી ફૂલે તેવું કામ કર્યું છે. દેશની ગણના સમગ્ર વિશ્વમાં થાય તે દિશામાં કાર્ય કર્યું છે. ૨૦૧૪માં ગુજરાતે મને હસતા મોઢે વિદાય આપેલી અને આજે સમગ્ર ગુજરાતને મારા પર ગૌરવ થયું છે એ જ મારી સૌથી મોટી તાકાત છે. ગુજરાતમાં જે શીખ્યો તેના અનુભવથી દેશને ઝડપથી વિકાસના પથ પર આગળ લઈ જવા માટે પ્રેરણા મળી છે.

આજે ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસી રહેલું અર્થતંત્ર છે. ૨૦૧૩માં ભારતનું અર્થતંત્ર વિશ્વમાં અગિયારમાં નંબર પર હતું અને આજે ફક્ત પાંચ વર્ષના ટૂંકા ગાળામાં જ ભારતનું અર્થતંત્ર વિશ્વમાં છઠ્ઠા સ્થાને પહોંચી ચૂક્યું છે. આગામી સમયમાં દુનિયાના પ્રથમ ત્રણ સૌથી મોટા અર્થતંત્રમાં પહોંચવાનું લક્ષ્ય ભારતીય જનતા પાર્ટીની સરકારે નિર્ધારિત કર્યુ છે.

જે રાજનૈતિક પાર્ટીઓ ૨૦૧૪ કરતા પણ ઓછી સીટો પર ચૂંટણી લડી રહી છે અને ચૂંટણી જીતવાના સપના જોઇ રહી છે. આ ચૂંટણીમાં એક તરફ દેશદ્રોહીઓને મદદ કરનારા લોકો છે તો બીજી તરફ રાષ્ટ્રવાદને જીવન માનીને દેશ ચલાવનારા લોકો છે. આ ચૂંટણીમાં દેશે નક્કી કરવાનું છે કે ટુકડે ટુકડે ગેંગને બચાવવા કાર્યરત હોય તેવા લોકો દેશ પર રાજ કરશે કે **એક ભારત શ્રેષ્ઠ ભારત**ના વિચાર સાથે સમર્પિત લોકો દેશનું સુકાન સંભાળશે.

પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના અધ્યક્ષ ગુજરાતી પ્રધાનમંત્રી માટે અભદ્ર ભાષાનો ઉપયોગ કરે તે ગુજરાત કેવી રીતે સહન કરી શકે?

કોંગ્રેસ હંમેશા સૈનિકોના શૌર્ય તેમજ વૈજ્ઞાનિકોની ઉપલબ્ધિઓ પર હંમેશા સવાલ ઉઠાવતી રહી છે. દેશના વૈજ્ઞાનિકો દુશ્મન દેશના સેટેલાઈટને ત્રણ મિનિટમાં ધ્વસ્ત કરતી એન્ટી સેટેલાઇટ મિસાઇલનું સફળ પરીક્ષણ કરે છે તો કોંગ્રેસની ઊંઘ હરામ થઈ જાય છે. ઉરીમાં સર્જીકલ સ્ટ્રાઇક કરતાં અને પુલવામામાં દેશની રક્ષા કરતા સૈનિકોને આતંકવાદીઓ શરમજનક કૃત્યથી મારી નાખે ત્યારે ગુજરાતની માટીએ મને મોટો કર્યો હોય તો હું ચૂપ કેવી રીતે બેસી શકું? બદલો લેવા માટે દેશના જવાનો સર્જીકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈક દ્વારા આતંકવાદીઓનો સફાયો કરીને દેશમાં સુરક્ષિત પરત ફરે તો પણ કોંગ્રેસને પેટમાં દુખે છે અને સૈન્યના જવાનોના શૌર્ય પર પ્રશ્નો ઉભા કરે છે. કોંગ્રેસ અને મહામિલાવટી નેતાઓ પાકિસ્તાન તરફી જે નિવેદન આપે છે તે પાકિસ્તાનના ટીવી અને ન્યુઝ પેપરમાં હેડલાઇન બને છે અને પાકિસ્તાનની સંસદમાં તેમના નામ સાથે નિવેદનો મૂકવામાં આવે છે.

ભૂતકાળમાં રિમોટ કંટ્રોલ સરકારના સમયમાં મુંબઈ, હૈદરાબાદ, કાશી, અયોધ્યા અને દિલ્હી જેવાં અનેક શહેરોમાં બોમ્બધડાકા અને આતંકવાદી હુમલાઓને કારણે દેશના નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવવા પડતા હતા પરંતુ કોંગ્રેસે કોઇ પગલાં લેવાની ઈચ્છાશક્તિ દાખવી ન હતી.

કોંગ્રેસ સૈનિકોની સુરક્ષાને દાવ પર લગાવવા માંગે છે, કોંગ્રેસ તેના ઢકોસલા પત્રમાં સેનાને મળતો AFSPAનો કાયદો રદ કરી સેના પાસેથી કાયદાનું રક્ષણ છીનવવા માંગે છે. દેશની સેનાનું સુરક્ષાકવચ હટાવવાની વાત કરનારી કોંગ્રેસને દેશની જનતા માફ નહીં કરે. કોંગ્રેસ તેના ઢકોસલા પત્રમાં સેના પર પથ્થર મારનારાઓને, આતંકી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલાઓને, તિરંગાને સળગાવવાવાળાઓને તેમજ દેશની એકતા અને અખંડિતતાને હાનિ પહોંચાડનારાઓને બચાવવા માટે કોંગ્રેસ દેશદ્રોહનો કાયદો રદ કરવા માગે છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યુ હતુ કે, આજે કોંગ્રેસ ગાલીબાજ થઈ ગઈ છે. જૂઠું બોલવું અને ગાળો આપવી એ કોંગ્રેસનો રોજનો કાર્યક્રમ બની ગયો છે. હું જ્યારે ગુજરાતનો મુખ્યમંત્રી હતો ત્યારે મને ગાળો આપવામાં કોંગ્રેસે કોઈ કસર બાકી રાખી ન હતી. ૨૦૧૪ માં ચાવાળો અને હવે આ વખતે ચોકીદાર ચોર છે તેવા શબ્દોનો ઉપયોગ કોંગ્રેસ કરી રહી છે. નામદારને દેશના બધા લોકો ચોર દેખાય છે કારણ કે પોતે જામીન પર બહાર છે. જો ભૂલેચૂકે કોંગ્રેસ આવશે તો ગુજરાતને ખેદાનમેદાન કરી દેશે. ચાર-ચાર પેઢીઓ નેહરુથી રાહુલ સુધી ગરીબી હટાવો...ગરીબી હટાવો...ના નારા આપી રહ્યા છે. કોંગ્રેસ જ્યારે દેશમાંથી હટી જશે ત્યારે ગરીબી આપોઆપ હટી જશે.

૨૦૦૪ થી ૨૦૧૪ સુધી દેશમાં એક અર્થશાસ્ત્રી પ્રધાનમંત્રી હતા તેમના રાજમાં મોંઘવારી કૂદકે ને ભૂસકે વધતી હતી. ન્યૂઝ પેપરો મોંઘવારીના સમાચારોથી ભરાયેલા રહેતા હતા. છેલ્લા પાંચ વર્ષમાં મોંઘવારીને કાબુ કરીને ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા મધ્યમવર્ગને મોટી રાહત આપવામાં આવી છે. આજે ચૂંટણીના માહોલમાં વિપક્ષ પણ મોંઘવારીની ચર્ચા નથી કરી શકતો.

..૪..

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




દેશની દીકરીઓની સુરક્ષા માટે મારી સરકારે બળાત્કારીઓને ફાંસીની સજા આપવાનો કાયદો લાવવાનું કાર્ય કર્યું છે. અનેક કેસોના ચુકાદા આવ્યા છે અને બળાત્કારીઓને ફાંસીની સજા થઈ છે. દેશની દીકરીઓ, માતાઓ અને બહેનોની સુરક્ષા માટે ભાજપા સરકાર કટિબધ્ધ છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કોંગ્રેસની નીતિરીતિ પર શંકા વ્યક્ત કરતા જણાવ્યુ હતુ કે, ગુજરાત અને ગુજરાતીઓ સાથે કોંગ્રેસને કઈ દુશ્મની છે? તે જ સમજાતું નથી. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સામે કોંગ્રેસને વાંધો હતો તેમના નિધન બાદ શ્રીમતી મણીબેન પ્રત્યે પણ કોંગ્રેસે ખરાબ વ્યવહાર કર્યો. નહેરુજીના ગયા બાદ ઈન્દિરા આવ્યા અને તે જ સમયગાળામાં ગુજરાતમાંથી બીજા એક મોટા નેતા મોરારજી દેસાઈનો ઉદય થયો ઈન્દિરાજીએ મોરારજીભાઈ સહિત અનેક લોકોને જેલમાં પૂર્યા પરંતુ દેશની જનતાએ મોરારજી દેસાઇને વધાવીને તેમને પ્રધાનમંત્રી બનાવ્યા. પરંતુ રાજકીય રમત રમી-રમીને ઈન્દિરા ગાંધીએ શ્રી મોરારજીભાઇને બે વર્ષમાં જ પ્રધાનમંત્રી પદ છોડવા માટે મજબૂર કરી દીધા. હવે આજે હું ગુજરાતના પુત્ર તરીકે દેશનું પ્રધાનમંત્રી પદ સંભાળી રહ્યો છું ત્યારે કોંગ્રેસ મને હટાવવાના અનેક પ્રયત્નો કરી રહી છે પરંતુ કોંગ્રેસને ક્યાં ખબર છે કે મારી પાસે ૧૩૦ કરોડ હિન્દુસ્તાનીઓની શક્તિ છે અને તેમના થકી જ હું મજબૂત છું.

આજે દિલ્હીમાં નવી કાર્યપધ્ધતિ અને સંસ્કૃતિથી ચાલતી સરકાર ૧૩૦ કરોડ ભારતવાસીઓના કલ્યાણ માટે પળ પળ અથાગ પ્રયત્નો કરી રહી છે.

ભૂતકાળમાં ગુજરાતમાં જ્યારે પણ દુકાળ પડતો ત્યારે રાજ્યનું મોટું બજેટ પાણી પાછળ જતું રહેતું. રાજ્યની જનતાને પાણીની અગવડતા ન પડે તેના માટે ગુજરાતની ભાજપા  સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી હતી, બોરીબંધ, ચેકડેમ, નદીઓના પાણી પાઈપલાઈન મારફતે કચ્છ કાઠિયાવાડ સુધી લાવવામાં આવ્યા અને ગુજરાતને પાણીના સંકટમાંથી બચાવવા અથાક પ્રયત્નો કર્યા. આગામી સમયમાં ભાજપાની કેન્દ્ર સરકારમાં અલગથી જળ મંત્રાલય બનાવવામાં આવશે જેનું મુખ્ય કામ સમગ્ર દેશના નદી તળાવના પાણીનો યોગ્ય સંચય, સંગ્રહ અને વ્યવસ્થાપન કરવાનું રહેશે. દેશના દરેક ઘરમાં પીવા માટે પાણી અને ખેતરોમાં સિંચાઈ માટે પુરતું પાણી મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે. દેશની માતાઓ-બહેનો જેમણે દૂર-દૂર સુધી પાણી ભરવા માટે જવું પડે છે તેમને રાહત મળશે.

૧૦ વર્ષની કોંગ્રેસની રિમોટ કંટ્રોલ સરકાર દરમિયાન ગરીબો માટે ફક્ત ૨૫ લાખ આવાસ બનાવવામાં આવ્યા હતા જ્યારે છેલ્લા પાંચ વર્ષમાં જ દોઢ કરોડ આવાસો ગરીબોને બનાવીને આપવામાં આવ્યા છે. ગરીબોને ઘર, ગેસ, વીજળી, રોડ-રસ્તા જેવી અનેક સુવિધાઓ આપવામાં આવી છે એનડીએ સરકાર દેશને વિકાસની નવી ઊંચાઈ પર લઈ જવા માટે પ્રતિબદ્ધ છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે ગુજરાતે મને મોટો કર્યો છે, ગુજરાતે મારું ઘડતર કર્યું છે અને એટલે જ ફરી એકવાર ગુજરાત પાસે ૨૬ કમળના આશીર્વાદ લેવા માટે આવ્યો છું. જે તમારા ચોકીદારને ચોર કહે છે તેમને તગડો જવાબ આપવાનો છે. તમે ચૂંટણીમાં કમળના નિશાન પર બટન દબાવશો એ સીધેસીધું મારા ખાતામાં આવવાનું છે. કમળને મત આપી આપ સૌએ દેશના ચોકીદારને મજબૂત, શક્તિશાળી અને દેશ માટે મજબૂતાઈથી કાર્ય કરી શકે તેની શક્તિ આપવાની છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અંતમાં ઉપસ્થિત જનમેદનીને મુઠી વાળીને બે હાથ ઊંચા કરી વિજય સંકલ્પ લેવડાવતા જણાવ્યું હતું કે, **ભ્રષ્ટાચારીઓ હોશિયાર... ઘર ઘર મેં હે ચોકીદાર, ભગોડો પર કાનૂની વાર... ઘર ઘર મેં હે ચોકીદાર, બંધ હુઆ કાલા કારોબાર... ઘર ઘર મેં હે ચોકીદાર, દેશદ્રોહીઓ પર કડા પ્રહાર... ઘર ઘર મેં હે ચોકીદાર, આતંક પર હો આખરીવાર... ઘર ઘર મેં હે ચોકીદાર, દુશ્મન હો જાયે ખબરદાર... ઘર ઘર મેં હે ચોકીદાર, ઘુસપેઠીએ ભાગે સીમા પાર... ઘર ઘર મેં હૈ ચોકીદાર, તૂટેગી જાત-પાત કી દિવાર... ઘર ઘર મેં હે ચોકીદાર, વંશવાદ કી હોગી હાર... હર ઘર મે હે ચોકીદાર.**

આ પ્રસંગે ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી, સાબરકાંઠા લોકસભાના ભાજપા ઉમેદવાર શ્રી દીપસિંહ રાઠોડ, અમદાવાદ(પૂર્વ) તથા પંચમહાલ લોકસભાના ઉમેદવારશ્રીઓ, પ્રદેશ અગ્રણીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા ભાજપા પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, વિવિધ સમાજના આગેવાનો, સ્થાનિક અગ્રણીઓ, સંગઠનના હોદ્દેદારોશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં ભાજપાના કાર્યકરો,સમર્થકો અને સ્વયંભૂ જનમેદની ઉપસ્થિત રહી હતી.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા. ૧૭.૦૪.૨૦૧૯

**કોંગ્રેસ તુષ્ટીકરણની રાજનીતિ કરી રહી છે.**
**મત લેવા માટેની કોંગ્રેસની ઢોંગી બિનસાંપ્રદાયિક્તાને લોકોએ ઓળખી લીધી છે.**
**- શ્રી વિજયભાઇ રૂપાણી**

-------------

**ભાજપા માટે ૧૩૦ કરોડ દેશવાસીઓ એક છે અને તેથી જ ભાજપા "સૌનો સાથ સૌનો વિકાસ"ના મંત્ર સાથે કાર્ય કરી રહી છે**
**- શ્રી વિજયભાઇ રૂપાણી**

-------------

**૨૦૧૪ પછી થયેલા દેશના વિકાસના કારણે આજે ભારત શક્તિશાળી દેશોની યાદીમાં સામેલ થયો છે. દેશના આ અકલ્પનીય વિકાસની નોંધ દુનિયાએ પણ લીધી છે – શ્રી વિજયભાઇ રૂપાણી**

-------------

**પાકિસ્તાનને આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિશ્વમાંથી અલગ-થલગ પાડી દીધો છે**
**- શ્રી વિજયભાઇ રૂપાણી**

-------------

આજરોજ વલસાડ લોકસભા બેઠકના ઉમેદવારશ્રી ડૉ. કે.સી.પટેલના સમર્થનમાં ધરમપુર ખાતે રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જાહેરસભાને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આ વખતની ચૂંટણી રાષ્ટ્રવાદ અને પરિવારવાદ વચ્ચેની છે. આપણા દેશની દેશભક્ત જનતા સૌ પ્રથમ દેશનું હિત ઇચ્છે છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી રાષ્ટ્રવાદને વરેલા છે, તેઓ રાષ્ટ્રના હિત માટે અથાગ પરિશ્રમ કરી રહ્યાં છે, જ્યારે કોંગ્રેસ માત્ર પરિવારવાદનો જ વિચાર કરે છે. અમારો પરિવાર જ દેશ ઉપર રાજ કરે તેવી માનસિકતા ધરાવે છે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી સર્વ ધર્મ સમભાવને લઇને આગળ વધી રહી છે. બીજી તરફ કોંગ્રેસ તુષ્ટીકરણની રાજનીતિ કરી રહી છે. મત લેવા માટેની કોંગ્રેસની ઢોંગી બિનસાંપ્રદાયિક્તાને લોકોએ ઓળખી લીધી છે. ભાજપા માટે ૧૩૦ કરોડ દેશવાસીઓ એક છે અને તેથી જ ભાજપા "સૌનો સાથ સૌનો વિકાસ"ના મંત્ર સાથે કાર્ય કરી રહી છે. ગઇ કાલે પંજાબ કોંગ્રેસના મંત્રી અને પાકિસ્તાનની દલાલી કરનાર નવજોતસિંહ સિધ્ધુ ગુજરાતના પ્રવાસે આવ્યા હતાં. તેમણે બિહારની એક જાહેરસભામાં કહ્યું હતું કે, મુસલમાનો એક થાવ તો જ મોદી હટશે. આ રીતે તુષ્ટીકરણની રાજનીતિ કોંગ્રેસ વર્ષોથી કરતી આવી છે. કોંગ્રેસે મુસલમાનોને મતનું મશીન ગણ્યું છે. કોંગ્રેસે ક્યારેય મુસ્લિમ સમાજનું ઉત્થાન કર્યું નથી. કોંગ્રેસ કોમ-કોમ વચ્ચે વૈમનસ્ય ઉભું કરીને પોતાના રાજકીય રોટલા શેકી રહી છે. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દેશ અને દુનિયાના સર્વ સ્વિકૃત નેતા છે. આ ત્યારે જ શક્ય બને જ્યારે રાજકીય સ્થિરતા હોય. રાજકીય સ્થિરતા હોય તો જ વિકાસ થઇ શકે છે. ૨૦૧૪ પછી થયેલા દેશના વિકાસના કારણે આજે ભારત શક્તિશાળી દેશોની યાદીમાં સામેલ થયો છે. દેશના આ અકલ્પનીય વિકાસની નોંધ દુનિયાએ પણ લીધી છે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવીને દેશમાંથી આતંકવાદનો સફાયો કરવાનું પ્રણ લીધું છે. સેના આતંકવાદીઓને વીણી વીણીને ખાત્મો બોલાવી રહી છે. સેનાને છૂટો દોર આપી દિધો છે. જ્યારે કોંગ્રેસ સેના સામે કાનૂની કાર્યવાહી કરવાની વાત કરીને સેનાનું મનોબળ ઘટાડી રહી છે. કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ નહીં હટાવવાની વાત કરીને કાશ્મીરના પ્રશ્નને સળગતો જ રાખવાની વાત કરી રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દેશની સુરક્ષા અન્વયે દેશની સેનાને અત્યાધુનીક શસ્ત્રોથી સજ્જ કરી શક્તિશાળી બનાવી રહ્યાં છે, ત્યારે દુનિયાના મોટાભાગના દેશોએ પણ ભારત દ્વારા આતંકવાદ સામે લીધેલ પગલાંને આવકાર્યા છે. દુનિયાના મોટાભાગના દેશો ભારતની પડખે ઉભા રહ્યાં છે, ત્યારે સમગ્ર વિશ્વના દેશો પણ પાકિસ્તાનની આ મેલી મુરાદને જાણી ગયાં છે. વિશ્વના મોટાભાગના દેશો પાકિસ્તાનની સામે આતંકવાદના વિરોધમાં અને ભારતની પડખે ઉભા છે, તે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની વિદેશનિતિને જ આભારી છે. પાકિસ્તાનને આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિશ્વમાંથી અલગ-થલગ પાડી દીધો છે.

શ્રી વિજયભાઇ રૂપાણીની ધરમપુર ખાતેની આ જંગી જાહેરસભામાં લોકસભા બેઠકના ઉમેદવારશ્રી ડો. કે.સી.પટેલ, લોકસભા બેઠકના પ્રભારીશ્રી, ઇન્ચાર્જશ્રી, ધારાસભ્યશ્રીઓ, પૂર્વધારાસભ્યશ્રીઓ, જીલ્લા સંગઠનના હોદ્દેદારો અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૧૭.૦૪.૨૦૧૯

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકારે મહિલાઓના માન-સન્માન-ગરિમા અને કલ્યાણ માટે અનેકવિધ પગલાંઓ લીધા છે - શ્રીમતિ સ્મૃતિ ઈરાનીજી**

-------------

**દેશનું યુવાધન આ દેશનું ભવિષ્ય છે. જ્યારે વાત રાષ્ટ્રહિતની હોય, દેશદાઝની હોય, ત્યારે યુવાનોએ આ બાબતોને પ્રાધાન્ય આપી દેશહિતમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરવા પ્રતિબધ્ધતા દર્શાવવી જોઈએ - શ્રીમતિ સ્મૃતિ ઈરાનીજી**

-------------

**“ વો ઉંગલીયા ઉઠાયેંગે, જુઠ કહેતે જાયેંગે, સચ કી પરખ તો હૈ હમેં, વો ક્યા હમે બહેકાયેંગે”**
**- શ્રીમતિ સ્મૃતિ ઈરાનીજી**

-------------

**પાકિસ્તાન અને રાહુલ ગાંધી બન્નેમાં એક સામ્યતા છે, તે બંનેને આતંકવાદીઓ પ્રત્યે પ્રેમ છે**
**- શ્રીમતિ સ્મૃતિ ઈરાનીજી**

-------------

આજરોજ પાટણ લોકસભામાં ભાજપના ઉમેદવારના સમર્થનમાં કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીજીના અધ્યક્ષ સ્થાને મહિલા અને યુવા સંમેલન યોજાયું હતુ.

શ્રીમતી સ્મૃતિ ઈરાનીજીએ સંમેલનને સંબોધતા જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની કેન્દ્ર સરકારે મહિલાઓના માન-સન્માન-ગરિમા અને કલ્યાણ માટે અનેકવિધ પગલાંઓ લીધા છે. મહિલાઓની ગરિમા જળવાઇ રહે તે માટે ઘર-ઘર સુધી શૌચાલયો ઉપલબ્ધ થાય તે બાબતને પ્રાધાન્ય આપ્યુ છે. આ ઉપરાંત ગરીબ મહિલાઓ માટે દરેક ઘરમાં ગેસ કનેક્શન આપી રસોડાને ધુમાડામુક્ત કરી મહિલાઓના સ્વાસ્થ્યની દરકાર લીધી છે.

શ્રીમતી ઈરાનીજીએ જણાવ્યુ હતુ કે, સ્ત્રી સશક્તિકરણની દિશામાં આગળ વધતાં રાષ્ટ્રની પ્રગતિ અને સમૃધ્ધિમાં સમાનરૂપે લાભાર્થી અને ભાગીદાર બનાવવાની કટિબધ્ધતા તથા આગામી ૫ વર્ષમાં “વિમેન વર્ક ફોર્સ” વધારવા એક વિસ્તૃત રોડમેપ તૈયાર કરાયો છે. મહિલાઓ માટે રોજગાર સર્જન હેતુ વસ્ત્રો, ચર્મ, કાગળ, લાકડું, રબર, ફર્નિચર વગેરે જેવા ઉદ્યોગ એકમો કે જેમાં મહિલાઓની વર્કફોર્સમાં ઓછામાં ઓછી ૫૦ ટકા ભાગીદારી હોય તેમાં સરકારી ખરીદી ૧૦ ટકા સુનિશ્ચિત કરવા માટે તથા ત્રણ તલાક વિરૂધ્ધ કાયદો બનાવીને મુસ્લીમ મહિલાઓ માટે ન્યાય સુનિશ્ચિત કરવાની દિશામાં પહેલ પર સંકલ્પપત્રમાં વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે.

શ્રીમતી ઈરાનીજીએ જણાવ્યુ હતુ કે, દેશનું યુવાધન આ દેશનું ભવિષ્ય છે. જ્યારે વાત રાષ્ટ્રહિતની હોય, દેશદાઝની હોય, ત્યારે યુવાનોએ આ બાબતોને પ્રાધાન્ય આપી દેશહિતમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હાથ મજબૂત કરવા પ્રતિબધ્ધતા દર્શાવવી જોઈએ. ભાજપાની કેન્દ્ર સરકારે યુવાનોને સ્વનિર્ભર બનાવવા અનેક સ્વરોજગારીની તકોનું નિર્માણ કરવા હેતુ અસંખ્ય પગલાંઓ લીધા છે. જેમાં મુદ્રા યોજના અંતર્ગત વગર જામીને ૫૦ લાખ સુધીની લોન આપવામાં આવે છે, જેમાં મહિલા લાભાર્થીઓના કિસ્સામાં ૫૦ ટકા અને પુરુષ લાભાર્થીઓના કિસ્સામાં ૨૫ ટકા રકમની ગેરંટર સરકાર બને છે. આપણ દેશના યુવાનો વૈશ્વિક પ્રવાહો સાથે કદમ મીલાવી શકે તે માટે વિદેશ અભ્યાસ અર્થે વિદ્યાર્થીઓને લોનની સુવિધા તદ્ઉપરાંત તે વિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ આર્થિક રીતે પગભર બને ત્યારબાદ તે લોનની ચૂકવણીની સુવિધા સરકારે આપી છે.

..૨..

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




યુવાનોના સશક્તિકરણ માટે અને યુવા સાહસીકોને પ્રોત્સાહન આપવાના હેતુસર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ''સ્ટાર્ટઅપ ઈન્ડિયા'', ''ડીજીટલ ઈન્ડિયા'' અને ''સ્કીલ ઈન્ડિયા'' જેવી યુવાલક્ષી યોજનાઓને અમલમાં મુકી છે. દેશના ઉભરતા યુવા ખેલાડીઓને યોગ્ય તક અને પ્લેટફોર્મ મળી રહે તથા તેઓને વૈશ્વિક કક્ષાની અત્યાધુનિક રમતગમતની સગવડ અને તાલીમ ઉપલબ્ધ થાય તે માટે કેન્દ્રની ભાજપા સરકારે ''ખેલો ઈન્ડિયા'' અભિયાન ખુબ જ જોમ અને જુસ્સા સાથે કાર્યરત કર્યુ છે.

કોંગ્રેસની પાકિસ્તાન તરફી સહાનુભૂતિને કારણે જ ૨૬/૧૧ ના મુંબઇ હુમલાનો યોગ્ય જવાબ પાકિસ્તાનને આપી ન શક્યા. કોંગ્રેસ ''ભારત તેરે ટુકડે હોંગે'' ગેંગને સમર્થન આપે છે તેમાં કાંઇ જ નવાઇ નથી. પાકિસ્તાન અને રાહુલ ગાંધી બન્નેમાં એક સામ્યતા છે, તે બંનેને આતંકવાદીઓ પ્રત્યે પ્રેમ છે. પરંતુ દેશના ગરીબોએ સંકલ્પ કરી લીધો છે કે કોંગ્રેસ હટાવો ગરીબી આપમેળે હટી જશે.

શ્રીમતી ઈરાનીજીએ અંતમાં ઉપસ્થિત સૌને હાકલ કરતા જણાવ્યુ હતુ કે, '' વો ઉંગલીયા ઉઠાયેંગે, જુઠ કહેતે જાયેંગે, સચ કી પરખ તો હૈ હમેં, વો ક્યા હમે બહેકાયેંગે'' આ સાથે તેઓએ પાટણ લોકસભા ઉમેદવાર શ્રી ભરતસિંહ ડાભીને અભૂતપૂર્વ અને જંગી મતદાનથી જીત અપાવવા માટે અપીલ કરી હતી.

આ સંમેલનમાં પાટણ લોકસભાના ભાજપા ઉમેદવાર શ્રી ભરતસિંહ ડાભી, પ્રદેશ અગ્રણીશ્રીઓ, ધારાસભ્યો, પૂર્વધારાસભ્યો, પૂર્વ સંસદસભ્યો, જીલ્લા/તાલુકા ભાજપા પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, સ્થાનિક આગેવાનો અને વિશાળ સંખ્યામાં યુવા અને મહિલા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ